# સુરત-તાપી-ભરૂચ-નર્મદા જિલ્લાના સમાચાર

ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ

**બારડોલી કાર્યાલયઃ** , શ્રેયસ કોમ્પલેક્ષ, વામદોત પેટ્રોલ પંપની સામે, સરદાર બાગ, બારડોલી-૨ : ૦૨૬૨૨-૨૨૦૪૮૪, ૯૮૨૪૩૫૩૬૭૫ **કામરેજ :** ૯૮૯૮૨૧૫૪૦૦- ૯૮૨૫૧૦૯૮૯૬ **પલસાણા :** ૯૮૨૪૧૪૩૦૨૩ **સાયણ :** ૨૪૨૩૪૩ **ઓલપાડ :** ૯૮૯૮૪૦૬૬૯૮ **મહુવા :** ૯૪૨૭૧૨૫૬૨૫
**વ્યારા કાર્યાલયઃ** ૧૦૪, પહેલા માળે જે.બી. એન્ડ એસ એ સ્કૂલ શોપીંગ સેન્ટર, ટાવર રોડ, વ્યારા જી.તાપી : ૮૮૦૦૧ ૬૩૧૬૩ **વાલોડઃ** ૯૮૭૯૯૨૧૪૭૭ **ભરૂચ કાર્યાલયઃ** ૧૦૨ હરિકૃષ્ણ ગોલ્ડન પ્લાઝા કોમ્પલેક્ષ, વરિયા હોસ્પિટલ પાસે, સુપર માર્કેટ, સ્ટેશન રોડ-ભરૂચઃ ૯૪૨૭૧૧૬૯૧૬, **અંકલેશ્વર :** ૯૮૭૯૩૪૪૪૫૫, ૯૮૨૫૪૨૯૦૦૧

## જહાંગીરપૂરા જીનમાં દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના કાર્યાલયનું ઉદ્દઘાટન



રાકેશ પટેલ

**ગુજરાત** ખેડૂત સમાજનો ગૌરવવંતો ઇતિહાસ અને ખેડૂતલક્ષી માહિતી સાથેનું સોવેનિયર પુસ્તકનું વિમોચન

ઓલપાડ ટાઉન : દક્ષિણ ગુજરાતમાં કૃષિ સંવર્ધન અને ખેડૂતોના પ્રાણ પ્રશ્નોને વાચા આપવા માટે અને તેમના નિકાલ માટે ખેડૂત સમાજનું કાર્યાલય પુરૂષોત્તમ ફાર્મસ જીનીંગ કંપાઉન્ડમાં શરૂ કરાયું છે. જેનું ઉદ્દઘાટન અર્થશાસ્ત્રી રોહિત શુક્લ અને ગુજરાત ખેત પરિષદના ઉપપ્રમુખ ઈન્દુકુમાર જાનીના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે ગુજરાત ખેડૂત સમાજનો ગૌરવવંતો ઈતિહાસ અને ખેડૂતલક્ષી માહિતી સાથેનું સોવેનિયર પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં ગુજરાત ખેડૂત સમાજ પ્રમુખ જયેશ પટેલે (પાલ) જણાવ્યું કે, વર્ષ ૧૯૭૨થી ખેડૂતલક્ષી પ્રવૃતિ માટે બારડોલીથી શરૂ થયેલો ખેડૂત સમાજ આજે ૩૩ જીલ્લામાંથી લગભગ ૨૬ જીલ્લાઓમાં સંગઠન બનાવી શકવામાં સફળ થયો છે. હરહંમેશ ખેડૂતોને પડતી મુશ્કેલીઓને આપત્તિનો સામનો કરવા ખડેપગે ઊભા રહી ખેડૂતોને ન્યાય અપાવતા આવ્યા છે ત્યારે આવનાર દિવસોમાં પણ ખેડૂતોનો સાથ સહકાર હશે તો ચોક્કસ ન્યાય મળશે. ભરૂચ જીલ્લા ખેડૂત સમાજ મંત્રી મહેન્દ્રસિંહ કરમરિયાએ કાર્યાલય ઉદઘાટન અને વિમોચન વિધિ સમારોહને સોનેરી દિવસ ગણાવ્યો હતો. જોકે,દિનપ્રતિદિન ખેડૂતો આપઘાત કરી રહ્યા હોય ખેડૂતોને સજાગ થવા અપીલ કરી હતી. સહકારી આગેવાન કિરીટ પટેલે (સોંસક) ખેડૂત સમાજને સહકાર આપવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત ખેડૂત સમાજના મંત્રી સાગર રબારી, દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ જયેશ એન પટેલ (દેલાડ), ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ જયેશ પટેલ (પાલ), સાયણ સુગરના પ્રમુખ રાકેશ પટેલ, સાયણ સુગરના ડિરેક્ટર દર્શન નાયક તેમજ ચંદ્રસિંહ બાકરોલા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

## તાપી જિલ્લામાં વિદ્યાર્થીઓનાં S.T. પાસ વિતરણમાં ધાંધિયા

**વિદ્યાર્થીઓ** શિક્ષણથી વંચિત રહેતા પરિણામ પર માઠી અસર થવાની દહેશત



વ્યારાઃ તાપી જિલ્લાની વિવિધ શાળાઓમાં દૂર-દૂરનાં ગામડાઓમાંથી આવતી વિદ્યાર્થીઓને એસ.ટી બસનો પાસ હજુ સુધી ન મળતા વિદ્યાર્થીઓનાં શિક્ષણ પર અસર થવા પામી છે. દૂર દૂરનાં ગામડાઓમાંથી વ્યારામાં ભણવા માટે આવતા વિદ્યાર્થીઓને એસ.ટી. પાસ ન કાઢી અપાતા દરરોજનાં ભાડાનાં પૈસા ન હોવાને લીધે વાલીઓ પોતાનાં બાળકો શાળામાં મોકલવા સક્ષમ ન હોય જેથી વિદ્યાર્થીઓનાં ભણતર પર તેની માઠી અસર થવા પામી છે.

લાંબા વેકેશન પછી શાળા ખુલવાને મહિનો થવા આવ્યો છતા હજુ સુધી વિદ્યાર્થીઓને બસ માટેનો પાસ કાઢી આપવામાં એસ.ટી. તંત્ર અખાડા કરી રહ્યુ છે. ગામડાનાં ગરીબ વાલીઓ પોતાનાં બાળકોને ભણાવવા માટે વ્યારાની વિવિધ શાળાઓ મોકલતા હોય છે. આવા વિદ્યાર્થીઓને એસ.ટી. તંત્ર તરફથી કાઢી આપવામાં આવતા પાસ શાળા ખુલ્યાને આજે મહિના જેટલો સમય થઇ ગયો હોવા છતા વિદ્યાર્થીઓ પાસથી વંચિત છે. જેને લીધે તેમના શિક્ષણ પર માઠી અસર થવા પામી છે. એસ.ટી. તંત્રનાં રેઢિયાળ સંચાલનથી ગામડાનાં વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત રહેવા પામ્યા છે.

ગામડાનો ગરીબ વાલી રોજનાં ભાડાનાં પૈસા ક્યાંથી લાવે ? જેથી વિદ્યાર્થીઓનો અભ્યાસ પર અને એમના ભાવિ સામે પ્રશ્નાર્થ ચિન્હો સર્જાયા છે. એસટી તંત્રની આવી આડોડાઇથી ગરીબ વિદ્યાર્થીઓ વિના વાંકે શિક્ષણથી વંચિત રહેતા વાલીઓમાં આક્રોશ જોવા મળ્યો છે. ગામડાનાં ગરીબોને રંજાડવાની પ્રવૃતિઓથી વાજ આવી ઘટતુ કરવા એસટી તંત્રનાં અધિકારીઓને તાકીદ કરવામાં આવે છે. અને ગરીબોનં ભાવીને રૂંધવાનાં તમામ પ્રયત્નો દૂર કરે એવી સમયની માગ છે.

### સોનગઢ એસટી ડેપો મેનેજરને રજૂઆત કરવા છતાં કોઈ સગવડ કરાઈ નથી

“ વ્યારાઃ વ્યારા સહિતની જિલ્લાનાં નગર વિસ્તારમાં આવેલ મોટાભાગની શાળાઓમાં એસટી તંત્ર દ્વારા પાસ વિતરણની કોઇ વ્યવસ્થા કરવામાં આવી નથી. આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ રોજે નાણાં ખર્ચી શાળાએ અભ્યાસ અર્થે જઇ શકે તેવી સ્થિતિમાં નથી. જેના કારણે મોટાભાગનાં વિદ્યાર્થીઓ શાળામાં આવતા ન હોય તેની સીધી અસર શિક્ષણકાર્ય પર થઇ રહી છે. આ અંગે સોનગઢ એસટી ડેપોનાં મેનેજરને પણ રજૂઆત કરવામાં આવી પરંતુ તેની કોઇ ગંભીરતા લેવાઇ નથી.

**-રૂચિરભાઇ દેસાઇ,** ઉપ્રપ્રમુખ ,જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ, તાપી

## સંક્ષિપ્ત સમાચાર

### નેત્રંગના બાઈક સવાર યુવક પર પથ્થરમાર કરી ઢોર માર માર્યો

નેત્રંગ : નેત્રંગ ટાઉનના જાનબજાર વિસ્તારમાં રહેતા રિતેશભાઈ ચંદુભાઈ પંચાલ રાતે સાડા આઠ વાગ્યે ગામમાં પોતાનું કામકાજ પતાવી બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે મંગળવાળા હાટબજાર વિસ્તાર પાસે પિન્કીબેને ૨૦૧૬ની સાલના ઝઘડાની રીસ રાખી રીતેશભાઈ પંચાલ પર પથ્થરમારો કર્યો હતો. જેથી સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા રિતેશભાઈ જમીન પર પડકાયા હતા. તે દરમિયાન પિંકીબેનના માણસો કિરીટ પાંડવ, તેની માં મંગુબેન અને પિતા જંયતિભાઈએ ધસી લાવી ‘તારો પરિવાર અમારા ઉપર ખોટી ફરિયાદો કેમ કરે છે’ તેમ કહી ઢોર માર મારી પરિવારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી યુવાનનું મો દબાવી ગુપ્તાંગના ભાગે લાતો મારી હતી. જેથી યુવકને ગંભીર ઈજાઓ થતાં નેંત્રગ તાલુકા મથકે આવેલા સા. અરોગ્ય કેન્દ્રમાં સારવાર અર્થ ખસેડવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

### મોટા બોરસરા નજીક કીમ રોડ પર શ્રમજીવી યુવાનનું વાહન અડફટે મોત

હથોડાઃ મૂળ ઉત્તર પ્રદેશનો વતની અને અત્રે કંપનીમાં નોકરી કરી પેટીયુ રળતાં શ્રમજીવી અશોક જયરામ ભારદ્વાજને મોટા બોરસરાં નવાપરાં પાસે કીમ રોડ પર કોઇ અજાણ્યા વાહને ટકકર મારતાં ગંભીર ઈજા થઇ હતી જેને સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. જયાં ટુંકી સારવાર દરમ્યાન તેનું મોત થયું છે. બનાવ અંગે કોસંબા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### માંડવી ક્રેડિટ કો. ઓપરેટીવ સોસાયટીની બીજી વાર્ષિક સભા યોજાઈ



તરસાડા : માંડવી ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીની વાર્ષિક સાધારણ સભા પ્રમુખ કનુબાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં એજન્ડા પરના કામો હાથ ધરવામાં આવ્યા હતા. મીનીટ્સ બુકનું વાંચન મેનેજર પ્રતિશાહે કર્યું હતું. તમામ કામો સર્વાનુમતે મંજુર કરાયા હતા. સંસ્થાના પ્રમુખ કનુભાઈ પટેલે મંડળીનો ચિતાર રજુ કર્યો હતો. આ સંસ્થા દિનપ્રતિદિન પ્રગતિ કરી રહી ચે. અને રૂ.૨૯૦૦૦નો નફો કર્યો છે. પેટા નિયમમાં સુધારો કરીને સંસ્થાનું કાર્યક્ષેત્ર વધારીને આખા માંડવી તાલુકાનો સમાવેશ કરાયો છે. એમ. ડી. જીગ્નેશ શાહે આભાર વિધિ કરી હતી. આ સભામાં સભાસદો ઉપરાંત માંડવી નગર રાજપૂત સમાજના પ્રમુખ સુરેન્દ્રસિંહ પરમાર, ભાવદર્શન વિદ્યાલયના ટ્રસ્ટી હમીરસિંહ ગોહિલ, માંડવી નાગરિક બેન્કના ડીરેક્ટર કનકસિંહ ગોહિલ વિગેરે હાજર રહ્યા હતા. મંડળીની ધીરાણ લીમીટ રૂ. પાંચ લાખ કરવામાં આવી છે.

### ઘાસચારા કાપવા ગયેલી મહિલાએ જીવંત વિજ તાર પકડી લેતા મોત

બારડોલી : બારડોલી તાલુકાનાં બાલ્દા ગામે શેરડીના ખેતરમાં તૂટી પડેલા જીવંત વીજ તાર પકડી લેતા એક મહિલાનું મોત થયું હતું. બારડોલી તાલુકાનાં બાલ્દા ગામે ખાડીપાર ફળિયામાં રહેતા જીતેશ રમણભાઈ ચૌધરીની પત્ની નીતાબેન (ઉ.૩૫) સોમવારે સાંજે પશુઓ માટે ઘાસચારો લેવા માટે દીનીવલભાઈ મિનિચેરભાઈ બાલ્દાવાળાના શેરડીના ખેતરમાં ગઈ હતી. જયાં ઘાસચારો કાપતી વખતે ખેતરમાં તૂટીને પડેલા જીવંત વીજ તાર ભૂલથી નીતાબેનથી પકડાય જતાં જોરદાર વીજળીનો કરંટ લાગતા તેમનું સ્થળ પર જ મોત નીપજયું હતું. આ અંગે મૃતકના પતિ જીતેશે પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે ચોમાસુ શરૂ થતાં જ વીજ કંપનીની બેદરકારીને કારણે મૂંગા પશુઓની સાથે સાથે મનુષ્યો પણ ઠેર ઠેર પડેલા જીવંત વીજ તારનો ભોગ બની રહ્યા છે. ત્યારે વીજ કંપનીએ પણ યોગ્ય સર્વે કરી ચોમાસામાં તૂટી પડતાં તારની યોગ્ય મરમ્મત કરાવે તેવી માંગ ઉઠી રહી છે.

### વધાવામાં દીપડાએ મરઘી અને કુતરાનો શિકાર કરતાં ગ્રામજનોમાં દહેશત

બારડોલીઃ બારડોલીને અડીને આવેલા વધાવા ગામે દીપડાએ મરઘી અને કુતરાનો શિકાર કરતાં ગ્રામજનાઓમાં દહેશત ફેલાય ગઈ છે. વધાવા ગામે પોપરી ફળિયામાં રહેતા અમૃતભાઇ ધીરુભાઈ ચૌધરીના ઘરના વાડામાં સોમવારે સાંજે એક દીપડો ધસી આવ્યો હતો અને એક મરઘીનો શિકાર કરી નાસી છૂટ્યો હતો. દરમ્યાન મંગળવારે સવારે દીપડાએ બાજુના ફળિયામાંથી એક રખડતા કુતરાનો શિકાર કરતાં ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે. આ અંગે અમૃતભાઈએ બારડોલીની ફ્રેંડ્સ ઓફ એનિમલ વેલ્ફેરની ટીમને જાણ કરતાં પ્રમુખ જતિન રાઠોડે સ્થળની મુલાકાત લીધી હતી. જયાંથી દીપડાના પંજાના નિશાન મળી આવ્યા હતા. ગ્રામજનોના જણાવ્યા મુજબ ગામમાં બે દીપડા ફરતા જોવા મળી રહ્યા છે. જેના કારણે તેઓ માટે ખેતરે જવાનું પણ મુશ્કેલ થઈ ગયું છે. હાલ વન વિભાગે પીંજરુ મૂકવા માટેની તજવીજ હાથ ધરી છે.

### બુટલેગર પંદરેક વર્ષથી દારૂની હોમડિલીવરી કરતો બુટલેગર ઝડપાયો

બારડોલી : બારડોલી પોલીસે બાતમીના આધારે રેડ કરી રૂ. ૮૮,૪૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડી એકની ધરપકડ કરી હતી. જયારે દારૂનો જથ્થો પૂરો પાડનાર એકને વોન્ટેડ જાહેર કરી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસના હાથે પકડાયેલો અશોક નગીનદાસ ચાંપનેરિયા છેલ્લા પંદરેક વર્ષથી પોતાના ગ્રાહકોને મોટર સાયકલ પર દારૂની હોમડિલિવરી કરતો હતો. પરંતુ આજ સુધી પોલીસને ગંધ સુદ્ધાં આવી ન હતી. વર્ષોના ધંધામાં પહેલી વખત જ આ બુટલેગર પોલીસના હાથે ઝડપાયો હોવાનું જાણવા મળે છે. બારડોલી પોલીસને સોમવારે સાંજે ખાનગી રાહે બાતમી મળી હતી કે બારડોલીના હનુમાન ગલીમાં રહેતો અશોક નગીનદાસ ચાંપાનેરિયાએ તેના ઘરમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મોટી માત્રામાં છુપાવી રાખ્યો છે અને તે મોટર સાયકલ મારફતે ગ્રાહકોને છૂટક દારૂનું વેચાણ કરે છે. જેના આધારે પોલીસે રેડ કરી ઘરના બીજા માળેથી ૨૬૬ બોટલ વિદેશી દારૂ કિમત રૂ. ૮૮,૪૦૦ ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂના વેચાણ માટે ઉપયોગમાં લીધેલી મોટરસાયકલ કિમત રૂ.૧૫ હજાર અને ૨ મોબાઈલ ફોન કિમત રૂ. ૧૧,૫૦૦ મળી કુલ ૧,૧૪,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે બુટલેગર અશોક નગીનદાસ ચાંપાનેરીયાની ધરપકડ કરી દારૂનો જથ્થો પૂરો પાડનાર તલાવડી વિસ્તારમાં રહેતા કોહલી ઉર્ફે ડેવિડ રાજૂ વસાવાને વોન્ટેડ જાહેર કર્યો હતો.

### ભરૂચ ને.હ.પર ક્રેઇન સાથે રીક્ષા ભટકાતા એક જ પરિવારના ત્રણ ઘાયલ





ભરૂચ : અંકલેશ્વર પાસે ક્રેઇન સાથે રીક્ષા ભટકાતા સર્જાયેલા અકસ્માતમાં સંજાલી ગામના એક જ પરિવારના ત્રણ સભ્યોને ગંભીર ઇજાઓ થતા તેમને સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં લવાયા હતા. અંકલેશ્વર તાલુકાના સંજાલી ખાતે મહારાજા નગરમાં રહેતા ૫૦ વર્ષીય પદ્દમાબેન દિનેશભાઈ સુરતી તેમના ૨૪ વર્ષીય પુત્ર મનીશ સુરતી અને ૨૨ વર્ષીય પુત્રવધુ સપના મનીશ સુરતી સાથે રીક્ષામાં બેસી સંજાલીથી અંકલેશ્વર તરફ આવતા હતા. ત્યારે સવારના ૧૧ કલાકની આસપાસ નેશનલ હાઈવે પર અંકલેશ્વર નજીક હોટલ નવજીવન સામેથી પસાર થતી વેળા અચાનક ક્રેઈન સામે આવતા રીક્ષા અને ક્રેઈન વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં રીક્ષામાં સવાર પદ્દમાબેન સુરતી સહીત પુત્ર અને પુત્રવધુ ને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમને ૧૦૮ મારફત તત્કાલ સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે લવાયા હતા. જયાં પ્રાથમિક સારવાર દરમિયાન પદ્દમાબેન તેમજ તેમની પુત્રવધુ સપનાની હાલત નાજુક જણાતા બંન્નેને વધુ સારવાર અર્થે સુરત સિવિલ ખાતે ખસેડાયા હતા. જયારે પુત્ર મનીશને ભરૂચ સિવિલ હોસ્પીટલ ખાતે રખાયો હતો. આ બનાવની જાણ અંકલેશ્વર ગ્રામ્ય પોલીસને કરાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


સુરેશગાંધી

## અંકલેશ્વરના ઉમાભવન નજીક ગટર ઉભરાતા ગંદુ પાણી માર્ગ પર ફરી વળ્યું

**નગર પાલિકા** અને પીડબ્લ્યુડી વિભાગમાં જાણ કરતા બન્ને સંસ્થાએ પોતાની હદ ન હોવાનું જણાવી હાથ ઉંચા કરી દીધા

અંકલેશ્વર : અંકલેશ્વરના ઉમાભવન નજીક ગટર ઉભરાતા ગંદુ પાણી મુખ્ય માર્ગ પર ફરી વળ્યું હતું જેના કારણે વાહન ચાલકો મુશ્કેલી વેઠી રહ્યા છે.

અંકલેશ્વરમાં જૂના નેશનલ હાઈવે નંબર ૮ પર આવેલા ઉમા ભવન નજીક ગટરમાંથી પાણી બેક મારી મુખ્યમાર્ગ પર ફરી વળ્યું હતુ. ગટરનું દૂષિત પાણી તેમજ વરસાદી પાણી મુખ્યમાર્ગ પર ભરાતા અહીંથી પસાર થતા વાહનચાલકો હાલાકીનો સામનો કરી કરી રહ્યા છે. મુખ્યમાર્ગ હોવાથી અહીંથી સેંકડો વાહન પસાર થાય છે. પાણી ભરાઈ જવાના કારણે માર્ગ પણ બિસ્માર બન્યો છે જેનાથી અકસ્માત થવાની ભીતિ પણ સેવાઈ રહી છે. વાહન ચાલકોએ આ અંગે નગર પાલિકા અને પીડબ્લ્યુડી વિભાગમાં જાણ કરતા બન્ને સંસ્થાએ પોતાની હદ ન હોવાનું જણાવી હાથ ઉંચા કરી દીધા હતા ત્યારે આ સમસ્યાનું વહીવટી તંત્ર નિરાકરણ લાવે એ જરૂરી છે.

## ખેડૂતોનું દેવું માફ નહીં કરાય તો ભૂખ હડતાળની ચિમકી

**ઝઘડિયામાં** ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા પ્રાંત અધિકારીને રજુઆત


સુરેશગાંધી

અંકલેશ્વરઃ ઝઘડીયા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ઝઘડીયા તાલુકાના પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી ખેડૂતોના દેવા માફીની માંગણી કરી જો દેવું માફ કરવામાં નહી આવે તો ભુખ હડતાળ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી છે.

ઝઘડીયા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ મહેન્દ્ર ઠાકોરની આગેવાનીમાં રાજયભરના ખેડૂતોના માથેનું દેવુ માફ કરવાની માંગણી સાથે ઝઘડીયા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું છે. આવેદનપત્રમાં તેમણે આક્રોશ સાથે જણાવ્યું છે કે રાજયનાં ખેડૂતો અનેક સમસ્યાનો સામનો કરી રહયા છે. ગામેગામ સિંચાઇનું પાણી મળતું નથી, પાકના યોગ્ય ભાવ મળતા નથી, વારંવાર પાક નિષ્ફળ જાય છે, તેમ છતા સરકાર તરફથી કોઈજ વળતર ચુકવવામાં આવતું નથી. આ બધી સમસ્યાઓથી ત્રસ્ત થઈ ખેડૂતોના યુવાન દિકરીઓ શહેરો તરફ પ્રયાણ કરી રહયા છે. ગામડાઓ ખાલી થઈ રહયા છે.

આ આવેદનપત્રમાં છ માંગણી કરવામાં આવી છે જેમાં (૧) પાંચ એકરથી ઓછી જમીન ધરાવતા ખેડૂતનું સંપૂર્ણ દેવું માફ કરવું, (૨) પાંચ એકરથી વધુ જમીન ધરાવતા ખેડૂતનું રૂા. એક લાખ સુધીનું દેવુ માફ, (૩) સિંચાઇ માટે મફત પાણીની સુવિધા, (૪) સજીવ ખેતી માટે પ્રોત્સાહન આપી ખાતર વિતરણ કરવું, (૫) કાયમી કૃષિ નિતી જાહેર કરી તેનું અમલીકરણ કરવું,અને (૬) ટેકાના ભાવ નક્કી કરવા કમિટીની રચના કરે જેમાં ખેડૂતોનું પ્રતિનિધિત્વ હોય. આ મુજબની માંગણી આવેદપત્રમાં કરવામાં આવી છે. આવેદનપત્ર પાઠવવા ઝઘડીયા, વાલીયા, નેત્રંગ તાલુકામાંથી યુવાનો ઝઘડીયા ખાતે આવ્યા હતા.

### અંકલેશ્વરમાં ઔધોગિક નીતિ તથા જીએસટી માર્ગદર્શન સેમિનાર યોજાયો

અંકલેશ્વર : જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને લધુ ઉધોગ ભારતીના સંયુક્ત ઉપક્રમે અંકલેશ્વરમાં સરકારની ૨૦૧૫ની ઔદ્યોગિક નીતિ તથા જીએસટી માર્ગદર્શન અંગે ઉદ્યોગપિત તથા વેપારીઓને માર્ગદર્શન આપવામાં માટે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મુકંદભાઇ રાવે ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપ્યુ હતું.

### કોસંબા રેલવે સ્ટેશન પાસે મેમુ ટ્રેનમાંથી પટકાયેલાં રેલવે જમાદારનાં પુત્રનું મોત

**યુવાન** અંકલેશ્વર આઇટીઆઇમાં અભ્યાસ માટે રોજ ટ્રેનમાં અપડાઉન કરતો હતો

હથોડાઃ આઈટીઆઈમાં તાલીમ મેળવતો ૧૭ વર્ષિય યુવાનનું મેમુ ટ્રેનમાં ઘરે પરત ફરતો હતો દરમ્યાન દરવાજે ઉભેલો આ યુવાન ટ્રેનમાંથી પટકાતાં તેનું મોત નિપજ્યું હતું. જમાદાર ગોમાન હરજી વસાવા મૂળ હાંસોટનાં છેં જે હાલમાં અત્રેના ઉંટી પાદરા ખાતે રહે છેં. ત્યાંથી તેમનો પુત્ર રણજીત અંકલેશ્વરમાં આઈટીઆઈમાં અભ્યાસ કરવા રોજ ટ્રેનમાં અપડાઉન કરતો હતો. બનાવ બન્યો ત્યારે કોસંબા રેલવે સ્ટેશન મુસાફરોથી ખીચોખીચ ભરેલું હતું. અકસ્માતની ઘટનાથી મુસાફરોમાં નાશભાગ મચી ગઈ હતી. આ અંગે કોસંબા રેલવે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## માંગરોળ કચેરીમાં ભાડાના ત્રણ વાહનોનો કોન્ટ્રાકટ રિન્યુ કરવામાં ગલ્લાતલ્લા!

**કચેરીમાં** તાલુકાનાં ૬૩ ગામો અને ૧૮ હજાર ગ્રાહકોઃ હાલમાં માત્ર ૧૨ કલાક ઉપર એક વાહન વાઉચર ઉપર ચાલી રહ્યું છે

માંગરોળઃ માંગરોળ સબ ડિવિઝનલ કચેરી ખાતે કાર્યરત ભાડાના ત્રણ વાહનોના કોન્ટ્રાકટ એક માસ પછી પણ રિન્યુ કરાતા દિવસે માત્ર ૧૨ કલાક ઉપર એક વાહન વાઉચર ઉપર ચાલી રહ્યું છે. તાલુકા મથક માંગરોળ ખાતે દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડની નાયબ ઈજનેરકક્ષાની સબડિવિઝન કચેરી કાર્યરત છે. આ કચેરીનાં કાર્યક્ષેત્રમાં તાલુકાનાં ૬૩ ગામોનો સમાવેશ કરવામાં આવેલો છે. સાથે જ ત્રણ વીજ સબ-સ્ટેશનો જેમાં મોસાલી - વાંકલ - ઝંખવાવનો પણ સમાવેશ કરાયો છે. ૬૩ ગામોનાં કુલ ૧૮ હજાર ગ્રાહકોને વીજ પુરવઠો પુરો પાડવામાં આવી રહ્યો છે. આ કચેરીને ૨૪ કલાકના બે વાહનો અને ૧૨ કલાકનું એક મળી કુલ ત્રણ વાહનો ફાળવવામાં આવ્યા છે. છેલ્લા એક માસથી આ વાહનોનો કોન્ટ્રાકટ પૂર્ણ થઇ ગયો છે. કોન્ટ્રાકટ પૂર્ણ થાય તે અગાઉ તેને રીન્યુ કરવાની જરૂરી દરખાસ્તો ડી.જી.વી.સી.એલ.ની વડી કચેરીને સમય મર્યાદામાં મોકલી આપવામાં આવી હતી. આજે એક માસ કરતાં વધુ સમય વીતી ગયો હોવા છતા ડીજીવીસીએલની વડી કચેરીના રેઢીયાળ વહીવટને પગલે કોન્ટ્રાકટ રીન્યુ થઈને આવ્યો નથી. હાલ દિવસે માત્ર ૧૨ કલાક ઉપર એક વાહન વાઉચર ઉપર ચાલી રહ્યું છે.

**વધતી વીજ સમસ્યાથી ગ્રાહકો પરેશાન**

બીજી તરફ માંગરોળ ખાતે જે વખતે સબડિવિઝન કચેરી કાર્યરત થઇ ત્યારે અંદાજે આઠ હજાર ગ્રાહકો હતા અને એક જ ઝંખવાવ ખાતેનું વીજ સબ સ્ટેશન કાર્યરત હતું. તે વખતે જે મહેકમ ફાળવવામાં આવ્યું હતું. આજે ગ્રાહકોની સંખ્યા બમણી થવા સાથે જ બે વધારાના વીજ સબ સ્ટેશનો મોસાલી અને વાંકલ કાર્યરત થાય છે. ગ્રાહકો વધતાં ફરિયાદો પણ વધી છે છતાં મહેકમમાં કોઇ વધારો કરાયો નથી. આમ ઉપરોકત બે પ્રશ્નોને લઇ માંગરોળ સબડિવિઝન કચેરીનાં કાર્યક્ષેત્રમાં આવેલા ગામોમાં વીજ પ્રશ્નોની સમસ્યા વધતી જઇ રહી છે અને ગ્રાહકો પરેશાન થઇ રહ્યા છે ત્યારે ડીજીવીસીએલની વડી કચેરી ઉપરોકત બંને પ્રશ્નો તાકીદે હલ કરે એવી માંગ પ્રજાજનો દ્વારા કરવામાં આવી છે.

### માંડવી સુગરનું ભાવિ અધ્ધરતાલઃ એમ.ડી. અદ્રશ્ય

## માંડવી સુગરની બોડીને સુપરસીડ કરી વહીવટદાર નિમવા સભાસદોની માંગણી

**બબ્બે** વર્ષથી ખેડૂતોને શેરડીના નાણાં ન મળતા ખેડૂતો હતાશ

તરસાડાઃ સુરત જીલ્લાની માંડવી- સુગર જાણે આર્થિક રીતે ઓક્સિજન પર આવી પડી હોય તેમ લાગે છે. સુગરના સંચાલકોએ બબ્બે વર્ષથી શેરડી આપતા ખેડૂતોને પેમેન્ટ ન ચૂકવતાં, ખેડૂતો સંસ્થાની ઓફિસે ધરમ-ધક્કા ખાઇને થાકી ગયા છે. ટ્રક-ટ્રેક્ટર વાળાઓને પણ પેમેન્ટ ન થતાં તેઓ પણ આર્થિક ભીંસમાં આવી પડતા દેવાદાર બની ગયા છે. છતાં સંચાલકોને પેટનું પાણી હાલતું નથી આમ સભાસદોને પેમેન્ટ ચુકવવામાં નિષ્ફળ ગયેલા સંસ્થાની વર્તમાન બોડીને સુપરસીડ કરીને સરકારે આ સંસ્થામાં વહીવટદાર નિમિને સરકારે કારભાર લઇ લેવો જોઇએ તેવી માંગ સભાસદો કરી રહ્યા છે. તા. ૩૧મી મે સુધીમાં ખેડૂતોને પેમેન્ટ ચુકવી દઇશુ તેવી ખાત્રી સંસ્થાના સંચાલકોએ પ્રાંત-અધિકારી માંડવીને આપી હતી. તેમ છતાં વાયદા મુજબના દિવસો પણ પસાર થઇ ગયા છતાં મેનેજમેન્ટ માટે નાણાંકીય વ્યવસ્થા કરવામાં નિષ્ફળ ગયું છે ખેડૂતો સંસ્થા પર જાય છે પરંતુ કોઇ જવાબદાર વ્યકિત મળતું નથી. સુગરના એમ.ડી. રવિન્દ્ર પટેલનો સંપર્ક થતો નથી. તેઓનો મોબાઇલ કાયમ બંધ રહે છે. આમ આર્થિક સંકટ ભોગવી રહેલા સભાસદો માનસિક રીતે પણ ભાંગી પડયા છે.

### પગાર નહીં મળતા સુગરના ઘણા કર્મચારીઓએ નોકરી છોડી દીધી

સુગરના કર્મચારીઓનો પગાર પણ છેલ્લા ઘણાં માસથી થયો નથી. ઘણાં કર્મચારીઓએ તો માંડવી-સુગરની નોકરી છોડી દીધી છે. આમ નાણાંકીય અસ્થિરતા ભોગવતી માંડવી-સુગરના ભાવિ સામે પ્રશ્નાર્થ મુકાય ગયો છે. સુગરના ચેરમેન બાબુભાઇ બદને રાજીનામુ આપી દીધુ છે. (કે રાજીનામું લઇ લેવાયું છે) આમ માંડવી સુગરની વર્તમાન બોડી વહીવટ કરવામાં નિષ્ફળ પુરવાર થઇ છે આથી ખેડૂતોના નાણાં ચુકવવા માટે સરકારે બોર્ડ ઓફ ડિરેકટર્સ તથા એમ.ડી.ને સુપરસીડ કરીને સરકાર વહીવટદાર નિમે, તો જરૂર ખેડૂતોના ફસાયેલા પેમેન્ટનો હલ નીકળે તેમ છે. એવું લાગે છે. દ.ગુ.ની એક મોટી સુગરે માંડવી-સુગર ખરીદવા તૈયારી બતાવી છે, છતાં નિષ્ફળ સંચાલકો કયાં મુહૂર્તની રાહ જુએ છે? કેમકે માંડવી સુગરની છાપ બગડતા હવે આવનારી સીઝનમાં ખેડૂતો શેરડી પુરવઠો આપશે કે કેમ? તે મોટો સવાલ છે.